**વંચાણે લીધા :**

કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદના તા.૧૧/૯/૨૦૨૩ ના જા.નં. રા.ધો.મા.વિ./પી.બી.૧/૩૧૧૬/૨૦૨૩ તથા

## જાહેરનામું

## પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૮/૨૦૨૩, તા. ૪/૧૨/૨૦૨૩

હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં સાબરમતી નદી પરના શાસ્ત્રી બ્રિજમાં એક્સપાન્સન જોઇન્ટ તથા બેરીંગ ખરાબ થઇ ગયેલ હોવાથી તેનું સમારકામ કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદ દ્વારા કરી શકાય તે માટે ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં સાબરમતી નદી પર નારોલ-વિશાલા-સરખેજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ચેઇનેજ ૪/૮૦૦ થી ૫/૩૧૮ વચ્ચે આવેલ શાસ્ત્રી બ્રિજ (મેજર બ્રિજ) સને-૧૯૭૦ માં બનાવવામાં આવેલ છે. સદર બ્રિજ બિસ્માર હાલતમાં હોય બ્રિજના મરામતના કામને MoRTH (ભારત સરકાર) માંથી જોબનંબર મળેલ છે. આ શાસ્ત્રી બ્રિજમાં એક્સપાન્સન જોઇન્ટ તથા બેરીંગ ખરાબ થઇ ગયેલ હોવાથી તેનું કાર્યપાલક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, અમદાવાદ દ્વારા નિરીક્ષણ કરતા વિશાલાથી નારોલ તરફ જતા ટ્રાફિકને આગામી ૪-મહિના સુધી વાહન વ્યવહાર માટે સંપુર્ણ બંધ કરવા પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાતુ હોય જેથી નીચે મુજબની વિગતે વાહનોની અવર-જવર માટે રસ્તો બંધ/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | વિશાલા સર્કલથી નારોલ તરફ જતા શાસ્ત્રી બ્રિજના એક તરફના ભાગ ઉપરથી કોઇપણ પ્રકારના વાહન અવર-જવર કરી શકશે નહી. | **૧. ટુ,થ્રી અને ફોર વ્હીલ વાહનો માટેનો વૈકલ્પિક રૂટ :**<br>➢ વિશાલાથી નારોલ તરફ તથા નારોલથી વિશાલા તરફ ફક્ત ટુ,થ્રી અને ફોર વ્હીલ પ્રકારના વાહનો નારોલથી વિશાલા તરફની શાસ્ત્રી બ્રિજની બીજી સાઇડ ૨-લેનમાં અવર-જવર કરી શકશે.<br>**૨. ભારે વાહનો માટેનો વૈકલ્પિક રૂટ :**<br>➢ વિશાલા ત્રણ રસ્તાથી પીરાણા ચાર રસ્તા તથા નારોલ સર્કલ તરફ જતા તમામ પ્રકારના ભારે વાહનોએ વિશાલા ત્રણ રસ્તાથી વાસણા એ.પી.એમ.સી. માર્કેટ ચાર રસ્તા, વાસણા ત્રણ રસ્તા, અંજલી ચાર રસ્તાથી જમણી બાજુ વળી ડૉ.આંબેડકર બ્રીજ ઉપરથી ખોડીયારનગર ચાર |

| | | |
|---|---|---|
| | | રસ્તાથી જમણી બાજુ પીપળજ–પીરાણા રોડ ઉપર સીધા પીરાણા ચાર રસ્તા તથા પીરાણા ચાર રસ્તાથી ડાબી બાજુ વળી નારોલ સર્કલ તરફ જવાનુ રહેશે અથવા તો ખોડીયારનગર ચાર રસ્તાથી સીધા દાણીલીમડા ચાર રસ્તાથી જમણી બાજુ વળી ચંડોળા તળાવ ચાર રસ્તાથી સીધા નારોલ સર્કલ તરફ અવર–જવર કરી શકાશે.<br>➢ સરખેજ તરફથી આવી વિશાલા ચાર રસ્તાથી પીરાણા ચાર રસ્તા તથા નારોલ સર્કલ તરફ જતા વાહનોએ સરખેજથી બાકરોલ સર્કલ થી ડાબી બાજુ વળી સરદાર પટેલ રીંગ રોડ ઉપર કમોડ સર્કલથી ડાબી બાજુ વળી પીરાણા ચાર રસ્તા તથા કમોડ સર્કલથી સીધા અસલાલી સર્કલથી ડાબી બાજુ વળી નારોલ સર્કલ તરફ અવર–જવર કરી શકાશે. |

**–: જાહેરનામાની અમલવારીની વિગત :–**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૬/૧૨/૨૦૨૩ થી તા.૬/૪/૨૦૨૪ સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ–૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૪/૧૨/૨૦૨૩ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૪/૧૨/૨૦૨૩
અમદાવાદ શહેર

**( જી.એસ.મલિક )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર

(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.